GJGS010005052026

દાખલ તારીખ : ૨૪.૦૪.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૨૪.૦૪.૨૦૨૬
નિર્ણય તારીખ : ૧૮.૦૬.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૧, દિવસ–૨૫

================================================
**ગીર સોમનાથ જિલ્લાના મહે. સેશન્સ જજશ્રીની કોર્ટમાં,મુ. વેરાવળ**
================================================

**ફો. અપીલ નં.૮૩/૨૦૨૬**
**આંક–**

**૧. મંજુબેન વા/ઓ ધીરજભાઇ જુંગી,**
ઉ. વ. આ. ૪૪, ધંધો. ઘરકામ,

**૨. જેન્તીભાઇ નાથાલાલ વણીક,**
ઉ. વ. આ. ૪૩, ધંધો. મચ્છીનો,
રહે. બન્ને વેરાવળ, ઠે. ખારવાવાડ, ભાંડા શેરી,
તા. વેરાવળ જી. ગીર સોમનાથ.

**.... એપેલેન્ટસ**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર**

**.... રીસ્પોન્ડન્ટ**

---

એપેલેન્ટસ તરફે વિ. વકીલ શ્રી એ. આઇ. સુમરા
રીસ્પોન્ડન્ટ તરફે વિ. સરકારી વકીલ શ્રી જે. ડી. પાઠક

---

**: બી. એન. એસ. એસ. ની કલમ–૪૧૫ (૩)(એ) અન્વયે અપીલ :**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના એપેલેન્ટસ/આરોપીઓએ બી. એન. એસ. એસ.ની કલમ–૪૧૫ (૩) (એ) મુજબ હાલની કન્વીકશન અપીલ દાખલ કરેલ છે.

(૨) એપેલેન્ટસ/આરોપીઓની હાલની અપીલ રજીસ્ટરે લેવામાં આવેલ અને રીસ્પોન્ડન્ટને નોટીશ કાઢવામાં આવેલ છે.

(૩) આ કામના એપેલેન્ટસ મુળ કેસમાં આરોપીઓ હતા અને આ કામના રીસ્પોડન્ટ કેસમાં ફરીયાદી હતા, જેથી સરળતા ખાતર હવે પછી તેઓને તેઓના મુળ કેસના સ્ટેટસ પ્રમાણે સંબોધવામાં આવશે.

(૪) આ કામના આરોપીની અપીલની ટુંકમા હકીકત એવી છે કે :-

(૪.૧) આ કામના આરોપીઓએ ગઈ તારીખ ૧૩/૧૨/૨૦૨૨ ના વહેલી સવારે ક.૦૬/૦૦ વાગ્યે વેરાવળ ખારવાવાડ ભાંડાશેરીમાં ફરિયાદીના ઘરની સામે ફરિયાદીને આરોપી નં.૧ નાએ પાણી ઉડવા બાબતેનું મનદુખ રાખી ભુંડી ગાળો આપી ઢીકાપાટુનો માર મારી તેમજ આરોપી નં.૨ નાએ લાકડાના ધોકા વડે માર મારી ડાબા હાથમાં મુંઢ ઈજા કરી તથા ડાબા હાથની અંગુઠા પાસેની આંગળીમાં ફેકચર કરી તથા ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી મે.જીલ્લા મેજી.સાહેબના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૯૨૨૦૭૬૨/૨૦૨૨ થી દાખલ થયેલ, તે ફરીયાદના આધારે આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે ફરીયાદના આધારે આરોપીઓ સામે તપાસના અંતે ચાર્જશીટ રજૂ કરવામાં આવતા, તેને ફો. કે. નં. ૧૫૨.૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને કેસ પેપર્સની નકલ પુરી પાડી, આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી, આંક-૦૫ થી આંક-૦૬ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે નીચે મુજબનો દસ્તાવેજી અને મૌખીક પુરાવો રજૂ કરેલ છે :-

**:: મૌખીક પુરાવો ::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | કાજલબેન પ્રેમજીભાઇ મોતીવારસ | ૧૧ |
| ૨ | લલીતાબેન પ્રેમજીભાઇ મોતીવારસ | ૧૪ |
| ૩ | પુજાબેન પ્રેમજીભાઇ મોતીવારસ | ૧૫ |
| ૪ | ઉષાબેન પ્રેમજીભાઇ મોતીવારસ | ૧૮ |
| ૫ | દીપકભાઇ પ્રેમજીભાઇ મોતીવારસ | ૨૦ |
| ૬ | પ્રેમજીભાઇ લખમભાઇ મોતીવારસ | ૨૪ |
| ૭ | ડો. જીગ્નેશભાઇ ભરતભાઇ રામાવત | ૨૭ |
| ૮ | નિલમબેન મીઠાભાઇ ચાંડપા | ૩૭ |
| ૯ | ડો. નિરવભાઇ પ્રજલાલ વૈશ્નાણી | ૪૭ |
| ૧૦ | કલ્પેશભાઇ હમીરભાઇ સોસા | ૫૨ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૧૨ |
| ૨ | રેડીયોલોજીસ્ટ રીપોર્ટ | ૨૮ |
| ૩ | હથીયારબંધી અંગેનુ જાહેરનામુ | ૩૮ |
| ૪ | જીલ્લા મેજી. એ મામલતદારશ્રીને લખેલ પત્ર | ૩૯ |
| ૫ | અધિકારપત્ર | ૪૦ |
| ૬ | એમ. એલ. સી. સર્ટીફીકેટ | ૪૮, ૪૯ |
| ૭ | તપાસનો હુકમ | ૫૩ |
| ૮ | ડી. ઓ. નં. ૮૪૫/૨૦૨૨ | ૫૪ |
| ૯ | એફ. આઇ. આર. | ૫૫ |
| ૧૦ | શરીર સ્થીતિનુ પંચનામુ | ૫૬ |

**(૪.૨)** ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ, બન્ને પક્ષકારોની દલીલો સાંભળીને વિ. ટ્રાયલ કોર્ટે આરોપી નંબર–૧ મંજુબેન વા/ઓ ધીરજભાઇ જુગી, રહે. ખારવાવાડ ભાંડાશેરી, વેરાવળવાળાને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪ મુજબના ગુનામાં દોષીત ઠરાવી ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮ (૨) હેઠળ આ સંહિતાની કલમ–

૩૨૫, ૩૨૩, ૫૦૪ હેઠળ સંયુકત રીતે કુલ ૬ (છ) મહીનાની સાદી કેદળી સજા તથા રૂપિયા ૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ અને જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ દિવસ-૧૦ (દસ) ની સાદી કેદની સજા તથા આરોપી નંબર-૨ જેન્તીભાઈ નાથાલાલ વણીક, રહે.-ખારવાવાડ ભાંડાશેરી, વેરાવળ વાળાને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪ મુજબના ગુનામાં દોષીત ઠરાવી ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૪૮ (૨) હેઠળ આ સંહિતાની કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪ હેઠળ સંયુકત રીતે કુલ ૨ (બે) વર્ષની સાદી કેદની સજા તથા રૂપિયા ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ અને આ દંડની રકમમાંથી ફરિયાદી કાજલબેનને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ-૩૫૭ (૧) (બી) હેઠળ રૂપિયા ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) વળતર તરીકે ચુકવવા અને જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ ૬(છ) મહીનાની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તા.૨૧.૦૪.૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ, તે વાદગ્રસ્ત હુકમથી નારાજ થઇને આરોપીઓએ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૫) આ કામે એપેલેન્ટસ/આરોપીઓના વિ. વ. શ્રીએ આંક-૧૩ થી લેખિત દલીલો રજૂ કરીને જણાવેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા તેમની સમક્ષ રજૂ થયેલ પુરાવાને યોગ્ય રીતે અર્થઘટન કર્યા સિવાય એકતરફી અને મનસ્વી રીતે હુકમ કરેલ છે, જે હુકમ યોગ્ય અને વાજબી ન હોય, તેને રદ કરવો જોઈએ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના ફરીયાદી સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ફરીયાદથી તદ્દન વિરુધ્ધી પુરાવો આપેલ છે અને તેમના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે, ત્યારે આવા વિરોધાભાસી પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી, તેમ છતાં વિ. ટ્રાયલ કોર્ટે આ કામના આરોપીઓએ તકસીરવાન ઠરાવીને સજા અને દંડ ભરવાનો હુકમ કરેલ છે, તે હુકમ યોગ્ય કે વાજબી નથી. વધુમા તેઓએ એવી પણ રજૂઆત કરેલ છે કે, આ કામના ફરીયાદી સાહેદના પુરાવાને અન્ય કોઇ સાહેદોના પુરાવાથી

સમર્થન મળતુ નથી કે બનાવને નજરે જોનાર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી, તેમ છતાં વિ. ટ્રાયલ કોર્ટે આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી સજા અને દંડ ભરવાનો હુકમ કરેલ છે, જે કાયદા વિરૂધ્ધ અને ગેરકાયદેસરનો હોય, તેને રદ કરવો જોઈએ. વધુમા તેઓએ એવુ પણ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલા છે અને તમામ પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી, જેથી ફરીયાદપક્ષ પંચનામાઓ પુરવાર કરવામાં પણ સફળ થયેલ નથી. વધુમા તેઓએ એવી પણ હકીકત જણાવેલ છે કે, કહેવાતા બનાવની ફરીયાદ પાંચ દિવસ મોડી આપવામાં આવેલ છે અને આવી મોડી ફરીયાદ આપવા પાછળનુ કોઇ કારણ ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી. વધુમા ફરીયાદીએ પોતાની ફરીયાદમા જણાવેલી હકીકતોથી તદન વિરોધાભાસી હકીકતો પોતાના પુરાવામાં જણાવેલ છે અને મેડીકલ ઓફીસરના પુરાવા ઉપરથી ફરીયાદીને થયેલી ઈજાઓ બાબતે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. આમ, ફરીયાદીને ચોકકસ શરીરના કયા ભાગે ઈજા થયેલી છે, તે બાબતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે અને આવા વિરોધાભાસી પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં, તેમ છતાં વિ. ટ્રાયલ કોર્ટે આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માનવામા ગંભીર પ્રકારની ભૂલ કરેલ છે. આ તમામ હકીકતો અને સંજોગોને ધ્યાનમા રાખીને આ કામના આરોપીઓને વિ. ટ્રાયલ કોર્ટે કરેલ સજા અને દંડ ભરવાનો હુકમ રદ કરીને આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) જયારે રીસ્પોન્ડન્ટ તરફે વિ. સરકારી વકીલશ્રીની રજૂઆત છે કે, આ કામના આરોપીઓએ ગઈ તારીખ ૧૩/૧૨/૨૦૨૨ ના વહેલી સવારે ક.૦૬/૦૦ વાગ્યે વેરાવળ ખારવાવાડ ભાંડાશેરીમાં ફરિયાદીના ઘરની સામે ફરિયાદીને આરોપી નં.૧ નાએ પાણી ઉડવા બાબતેનું મનદુખ રાખી ભુંડી ગાળો આપી ઢીકાપાટુનો માર મારી તેમજ આરોપી નં.૨

નાએ લાકડાના ધોકા વડે માર મારી ડાબા હાથમાં મુંઢ ઈજા કરી તથા ડાબા હાથની અંગુઠા પાસેની આંગળીમાં ફેકચર કરી તથા ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી મે.જીલ્લા મેજી.સાહેબના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે અને તે ગુનો પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષ દ્વારા જરૂરી એવા તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે અને તે પુરાવાથી આ કામના આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ છે અને તેથી વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપીઓને સજા કરવામાં આવેલ છે, તે હુકમ એકદમ યોગ્ય અને વાજબી હોય, તેમાં હસ્તક્ષેપ કરવાની કોઇ જરૂરીયાત આ કોર્ટને રહેતી ન હોય, આરોપીઓની અપીલ રદ કરવા ભારપુર્વકની રજૂઆત કરેલ છે.

**(૭)** બંને પક્ષોની દલીલો સાંભળતા અને ટ્રાયલ કોર્ટનું રેકર્ડ જોતા આ અપીલનો ન્યાયીક નિર્ણય કરવા સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:: મુદ્દાઓ ::–**

**૧.** શું વેરાવળના વિ. ચીફ જયુડી. મેજી. શ્રીએ ફોજદારી કેસ નં.૧૫૨/૨૦૨૩ ના કામે આરોપીઓને તકસીરવાન ઠેરવી સજા અને દંડ કરતો જે હુકમ કરેલ છે તે ગેરકાયદેસરનો અને કાયદાના પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો વિરૂધ્ધનો હુકમ છે?

**૨.** શું આ અદાલતે તે વાદગ્રસ્ત હુકમમાં હસ્તક્ષેપ કરવાપણું છે ?

**૩.** શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે :–

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ તથા ૩ :–**

**(૧૦)** ઉપરોકત મુદાઓ આંતરીક રીતે એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનું બિનજરૂરી પુનરાવર્તન થતુ અટકાવવા અને સગવડતા ખાતર ઉપરોકત મુદાની ચર્ચા એકીસાથે કરવામાં આવી રહી છે.

**(૧૧)** આ કામે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા હુકમ વંચાણે લેતા, ફરીયાદપક્ષ દ્ધારા પોતાનો કેસ પુરવાર કરવા સારૂ જે મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે, તેને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ દ્ધારા **સાહેદ નં. (૧) કાજલબેન પ્રેમજીભાઇ મોતીવારસને આંક–૧૧ થી** તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તારીખ ૧૩.૧૨.૨૦૨૨ ના રોજ ભાંડા શેરી ખારવાવાડ, વેરાવળ મુકામે સવારના ૦૬.૦૦ વાગ્યે બનેલ. બનાવ સમયે નગરપાલીકાનું પાણી આવતું હતું. આ કામના આરોપી નંબર–૦૧ મંજુબેનના ઘર પાસે નગરપાલીકાનું પાણીનું કનેકશન હોય અને આરોપી નંબર–૦૧ મંજુબેન પણ પાણી ભરતાં હોય તે સમયે ફરીયાદી પણ ત્યાં હાજર હોય અને નળમાંથી પાણી ઉડતું હોય જેથી નળમાં કપડું આડું રાખવા માટે ફરીયાદીએ મંજુબેનને કહેલ. મંજુબેન તેઓની સાથે બોલાચાલી કરવા લાગેલ અને ગાળો બોલવા લાગેલ. આરોપી નંબર–૦૨ જેંતીભાઈ તેના ઘરે હોય તેના ઘરેથી નીચે આવીને ફરીયાદીને ગાળો દેવા લાગેલાં ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતાં આરોપી નંબર–૦૨ જેંતીભાઇએ લાકડાનો ધોકો લઈને ફરીયાદીને મારવા લાગેલ. ફરીયાદીને ડાબા હાથની બે આંગળી વચ્ચે, જમણા હાથમાં સાઇડમાં અંગુઠા પાસે મારેલ. ફરીયાદીના મમ્મી લલીતાબેન તથા ફરીયાદીની બહેન પુજાબેન તથા ઉષાબેન બચાવવા માટે આવતાં તેને પણ જેંતીભાઇએ ધોકા વડે માર મારેલ. ફરીયાદીને મમ્મીને

હાથમાં, પુજાબેનને પાછળ વાસાના ભાગે તેમજ ઉષાબેનને હાથમાં માર મારેલ. બનાવવાળી જગ્યાએ આડોશ પાડોશના માણસો ભેગા થયેલ. આરોપીઓએ જતાં સમયે ફરીયાદીને જાનથી પતાવી દેવાની ધમકી આપેલી. આ બનાવ બાદ તેઓએ તેમના સમાજના આગેવાન જીતુભાઇ પાસે ગયેલાં તેઓએ આરોપી સાથે સમાધાન બાબતે વાતચીત થયેલી પરંતુ તેઓને આરોપી સાથે સમાધાન કરવું ન હોય જેથી તેઓએ સમાધાન કરેલ નહી. બનાવમાં ફરીયાદીને ઇજા થતાં સારવાર માટે સોહમ હોસ્પીટલમાં ગયેલા. ફરીયાદી તથા તેના પિતા સારવાર માટે ગયેલાં. ફરીયાદીએ ડોક્ટરશ્રીએ ડાબા હાથની બે આંગળી વચ્ચે ફ્રેક્ચર હોવાનું કહેલ. ત્યારબાદ ફરીયાદીના હાથની સારવાર તેઓએ સરકારી હોસ્પીટલ વેરાવળ મુકામે લીધેલી. તેઓની સારવાર કરનાર ડોક્ટર સાથે બનાવ બાબતે વાતચીત થયેલ નહી. બનાવ બાદ તારીખ ૧૮.૧૨.૨૦૨૨ ના રોજ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. જે ફરીયાદ આંક–૧૨ થી રજૂ છે, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમા આ સાહેદ આરોપીઓને ઓળખે છે.

**(૧૧.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, તેઓ જે મકાનમા રહે છે તે ખારવાવાડ વિસ્તારમા અંદરના ભાગે આવેલ છે. વધુમા એવી હકીકત પણ સ્વીકારેલ છે કે, તેમના મકાનની બાજુમા તથા સામે આરોપીઓનુ મકાન આવેલ છે. વધુમા એવી હકીકત પણ સ્વીકારેલ છે કે, ખારવાવાડ વિસ્તારમા ઘણા બધા રહેણાંકી મકાનો આવેલા છે. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, નગરપાલીકાનુ પાણી તેઓની આખી શેરીમા આવતુ હતુ. આગળ એવી હકીકત કબુલ કરે છે કે, બનાવ તા.૧૩.૧૨.૨૦૨૨ ના રોજ બનેલ અને તેની ફરીયાદ તા.૧૮.૧૨.૨૦૨૨ ના રોજ આપેલી છે. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, આ ફરીયાદ મોડી કરવાનુ કોઇ કારણ ફરીયાદમાં જણાવેલ નથી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, બનાવના દિવસે જ તેઓ દવાખાનામા ગયેલ હોય તેવુ બનેલ નથી. વધુમા એવુ પણ કબુલ કરે છે કે, તા.૧૮.૧૨.૨૦૨૨ ના રોજ દવાખાને ગયેલ.

વધુમા તેઓએ ડોકટરશ્રીને આરોપીઓના નામ લખાવેલ નહી તેવી હકીકત પણ કબુલ કરે છે.

(૧૨) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૨) લલીતાબેન પ્રેમજીભાઇ મોતીવારસને આંક–૧૪ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, બનાવ ડીસેમ્બર–૨૦૨૨ માં છ મહીના પહેલા બનેલ. બનાવ ભાંડા શેરી ખારવાવાડ, વેરાવળ મુકામે સવારના ૦૬.૦૦ વાગ્યે બનેલ. બનાવ સમયે તેઓ તેમના ધરે હતી ત્યારે આરોપી નંબર–૦૧ મંજુબેનના નળનું પાણી તેમની દીકરી કાજલને ઉડેલ હોય તેથી ઝગડો થયેલ આ જગડો તેઓની તથા મંજુબેન વચ્ચે થયેલ. મંજુબેનનો ભાઇ જેંતીભાઈ તેના રહેણાંક મકાનમાંથી ઉપરથી તેમની દીકરી કાજલને ગાળો બોલેલ જેથી તેમની દીકરી કાજલે જણાવેલ કે ગાળો શા માટે બોલે છે તેમ કહેતા આરોપી જેંતીભાઇએ લાકડું લઈને નીચે ઉતરેલ. આરોપી જેંતીભાઇ બનાવવાળી જગ્યાની સામે રહેણાંક મકાન હોય ત્યાં ઉપરના માળે રહેતો. આરોપી જેંતીભાઇએ આવીને તેઓની દીકરી કાજલને જમણા હાથ ઉપર લાકડું મારી દીધેલ. આરોપીએ લાકડાના બે ત્રણ ધા કાજલને મારેલાં. તેઓ કાજલને બચાવવા જતાં જેંતીભાઈએ તેઓને હાથના પોચાના ભાગે તથા કોણીના ભાગે લાકડાના બે ધા મારેલાં. તેઓની દીકરી ઉષાને પણ આરોપી જેંતીએ લાકડાના બે ધા કોણીના ભાગે મારેલાં. તેઓની દીકરી પુજા ત્યાં આવી જતાં આરોપી જેંતીએ પુજાબહેનની પાછળ લાકડું લઈને મારવા માટે દોડેલ. તેઓની દીકરી પુજાને ખભાના ભાગે લાકડાના બે ત્રણ ધા મારી દીધેલ. આરોપી જેંતીભાઇની બહેન ગાળો બોલતી હતી. આરોપીઓ ગાળો બોલતા હતા અને તેઓને જેંતીભાઇએ બળાત્કારનો કેસનો આરોપ નાંખીશ તેવું કહેલું. આરોપી જેંતીએ તેઓને તથા તેમની છોકરીને પતાવી દઈશું તેમ કહેલું. બનાવમાં કાજલબેનને ઈજા થતાં પ્રથમ પ્રાઈવેટ દવાખાને ત્યારબાદ સરકારી દવાખાને લઈ ગયેલ. બનાવ બાદ તેઓની દીકરીએ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. વધુમા આ સાહેદ આરોપીઓને ઓળખે છે તથા મુદામાલ હથિયાર ઓળખી બતાવે છે.

**(૧૨.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, બનાવ બાદ તેઓ તેમનુ રોજીદુ કામ કરે છે તથા પ્રસંગે જાય છે. આગળ એવુ પણ સ્વીકારે છે કે, તેઓએ તેમના નિવેદનમા આરોપીએ શું ગાળો બોલેલ તે શબ્દસ: લખાવેલ નથી. વધુમા આરોપીએ લાકડુ મારેલ છે તેવુ નિવેદનમા લખાવેલ નથી, તેવી હકીકત કબુલ કરે છે. વધુમા એવુ પણ કબુલ કરે છે કે, મુદામાલ ધોકો કેવડો હતો તે હકીકત તેમના નિવેદનમા લખાવેલ નથી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, મુદામાલ જેવો ધોકો બજારમાથી ખરીદવો હોય તો મળી શકે.

(૧૩) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૩) પુજાબેન પ્રેમજીભાઇ મોતીવારસને આંક–૧૫ થી** તપાસવાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, બનાવ ૧૩.૧૨.૨૦૨૨ ના રોજ સવારમા ૦૬.૦૦ વાગ્યે ભાંડા શેરી ખારવાવાડ, વેરાવળ મુકામે બનેલ. બનાવ સમયે તેઓ ધર પાસે નગરપાલીકાનું પાણી આવતું હોય તે ભરતી હતી તેમની સાથે તેમના મમ્મી લલીતાબેન, કાજલબેન ઉષાબેન હાજર હતાં. સવારના ૦૬.૦૦ વાગ્યે તેઓ પાણી ભરતી હતી ત્યારે પાણી ઉડતા મંજુબેનને કહેલ કે પાણી ઉડે છે તમે કૈઇક કરો જેથી મંજુબેન બોલવા લાગેલ અને તેઓને, તેમના મમ્મીને તથા તેઓની બહેનને ગાળો દીધેલી. ત્યારબાદ બનાવવાળી જગ્યાની સામેના ભાગે આરોપી મંજુબેનનો ભાઈ જેંતીભાઇએ તેઓને સૌપ્રથમ ભુંડી ગાળો દીધેલી અને ત્યારબાદ લાકડા વડે તેઓને બહેન કાજલને, તેમના મમ્મીને, તેઓને તથા ઉષાબેનને માર મારેલ. જેંતીભાઇએ કાજલબેનને જમણા હાથમાં માર મારતાં ફ્રેક્ચર થયેલ. તેઓને જેંતીભાઇએ વાસાના ભાગે લાકડા વડે માર મારેલ. તેમના મમ્મીને બંને હાથમાં લાકડા વડે જૈતીભાઇએ માર મારેલ. ઉષાબેનને પણ બંને હાથમાં લાકડા વડે માર મારેલ. બનાવમાં ઈજા થતાં તેઓએ તથા તેમના મમ્મી તથા તેમના બહેને ધરમાં સારવાર લીધેલી. કાજલબેનને હાથમાં ફ્રેકચર થયેલ હોય સરકારી હોસ્પીટલમાં સારવાર લીધેલી. આ કામના આરોપી જેંતીભાઇએ તેઓને તથા તેમના મમ્મીને તથા બંને બહેનોને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી.

આ બનાવની ફરીયાદ તેમના બહેન કાજલબેને આપેલી. બનાવ સમયે તેઓ ત્યાં હાજર હતી. બનાવ તેઓએ નજરે જોયેલ. વધુમા આ સાહેદ મુદામાલ હથિયાર તથા આરોપીઓને ઓળખી બતાવે છે.

**(૧૩.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, પાણી આવતુ હતુ તે વખતે ઘણા બધા માણસો ભેગા થયેલ હતા. જેમાથી કોઇનુ નામ હાલ તેઓને યાદ નથી. વધુમા એવુ કબુલ કરે છે કે, મુદામાલવાળો ધોકો સાવ નવો છે.

**(૧૪)** ફરીયાદપક્ષે **સાહેદ નં. (૪) ઉષાબેન પ્રેમજીભાઇ મોતીવારસને આંક–૧૮ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, બનાવ તારીખ: ૧૩/૧૨ ના રોજ બનેલો વર્ષ હાલ તેઓને યાદ નથી. બનાવ ભાડા શેરીમાં સવારના છ વાગ્યે બનેલો. બનાવ સમયે તેઓ તેમના ઘરમાં હતી ત્યારે તેમના મોટાબેન કાજલબેનનો અવાજ આવતાં તેઓ શું થયેલ તે જોવા ઘરની બહાર નીકળેલી. તેઓ ઘરની બહાર નીકળતા તેમના મોટા બેન કાજલબેનને જેન્તીભાઈ લાકડાથી માર મારતા હતા તેઓ તેમની બેન પાસે જતા આ જેન્તીભાઈએ તેઓને પણ જમણા હાથમાં કાંડાની ઉપરના ભાગે લાકડુ મારેલું, જેથી તેઓને ચકકર આવતા સુઇ ગયેલી. ત્યારબાદ શુ થયેલુ તેની કઈ ખબર તેઓને રહેલી નહી. બનાવ બનવાનુ કારણ એવું છે કે તેમની બેન કાજલ તેમના ઘરના ઓટલાની બાજુમાં કપડા ધોતી હતી ત્યારે નળમાંથી કાજલબેનના કાનમાં પાણી ઉડતા જેથી કાજલબેને મંજુબેનને કહેલ કે કાનમાં પાણી ઉડે છે, જેથી જેન્તીભાઈ સામેના ઘરમાંથી નીચે ઉતરી કાજલબેનને મારવા ઉતરેલા હતા. આ જેન્તીભાઈએ તેમની બેન કાજલ તથા તેઓને લાકડાથી મારેલ હતુ તે સિવાય જેન્તીભાઈએ તેઓની મમ્મી લલીતાબેન, પુજાબેનને પણ લાકડાથી માર મારેલ હતો. તેઓને બનાવના દિવસે ચકકર આવેલ હોવાથી દવાખાને ગયેલ નહી પરંતુ, બીજા દિવસે દવાખાને ગયેલી. બનાવના દિવસે તેઓની બેન કાજલ તથા તેમના મમ્મી લલીતાબેન અને પુજાબેન દવાખાને ગયેલા. કાજલબેનને જમણા હાથની આંગળીમાં ઈજા થયેલી અને તેમના મમ્મી

લલીતાબેનને પણ જમણા હાથના કાંડા પાસે ઈજા થયેલી તથા પુજાબેનને પાછળ વાંસાના ભાગે ઈજા થયેલી. વધુમા આ સાહેદ આરોપીઓ તથા મુદામાલ હથિયારને ઓળખી બતાવે છે.

(૧૪.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, તેઓ ભાડા શેરીમા નાનપણથી રહે છે અને આ કામના આરીપીઓને પહેલાથી ઓળખે છે. વધુમા ભાડા શેરીમા જે રોડ છે તે સીમેન્ટનો બનેલો છે તેવો હકીકત કબુલ કરે છે. આગળ બનાવના દિવસે નગરપાલીકાનુ પાણી સવારના વહેલુ આવેલ તેવી હકીકત કબુલ કરે છે. આગળ નગરપાલીકાનુ પાણી વહેલુ આવેલુ હોવાથી તેઓની શેરીમાં રહેતી મહીલાઓ પાણી ભરવા આવેલી હતી, તેવી હકીકત કબુલ કરે છે.

(૧૫) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૫) દિપકભાઇ પ્રેમજીભાઇ મોતીવારસને આંક–૨૦ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, બનાવ તારીખ ૧૩.૧૨.૨૦૨૨ માં બનેલ. બનાવ ખારવાવાડમાં તેઓના ઘરે સવારના ૦૬.૦૦ થી ૦૬.૩૦ આસપાસ બનેલ. બનાવ સમયે નગરપાલીકાનું પાણી આવતું હતું ત્યારે આરોપી જૈતીભાઈ નાથાલાલ વણીક હોય જેણે લાકડા વડે તેઓની બહેન કાજલબેન, પુજાબેનને હાથના આંગણા ઉપર તથા વાસાના ભાગે મારેલ. બનાવ સમયે તેઓ ઘરે ઉપર સુતો હતો અને નીચે અવાજ આવતાં તેઓ નીચે ઉતરતા આરોપી તેમની બહેનને મારતો હતો. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હતાં જેમાં તેઓની બંને બહેનો, આડોસી પાડોસી તેમજ મંજુબેન ત્યાં હાજર હતાં અને મંજુબેન પણ તેમની બંને બહેનોને મારતાં હતાં. મંજુબેન તેઓની બહેનોને હાથ વડે મારતાં હતાં. બનાવ સમયે નગરપાલીકાનું પાણી આવેલ હોય તે સમયે તેઓ સુતા હતા ત્યારે આરોપીઓ તેમની બંને બહેનો પુજા તથા કાજલને માર મારતા હતાં. તેઓની બહેનને કયા કારણોસર મારેલ તેની તેઓને ખબર નથી. તેઓની બહેનોને આરોપીઓના મારમાંથી આડોશી પાડોશીએ

છોડાવેલ. તેઓની બહેનોને સારવાર માટે તેમના પપ્પા દવાખાને લઈ ગયેલાં.

**(૧૫.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે,સવારના પાણી આવેલ અને તેઓની બહેનો પાણી ભરતા હતા તે સમયે તેઓ સુતા હતા. આગળ બનાવ વખતે ઘણા બધા બૈરાઓ પાણી ભરતા તેવી હકીકત કબુલ કરે છે. વધુમા પાણી ભરતી વખતે ગાગર, ડોલ વગેરે પાણી ભરવાના વાસણોમાંથી પાણી રેલાય અને તે રોડ ઉપર પડે તેવી હકીકત સ્વીકારે છે.

**(૧૬)** ફરીયાદપક્ષે **સાહેદ નં. (૬) પ્રેમજીભાઈ લખમભાઈ મોતીવારસને આંક–૨૪ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, બનાવ તારીખ ૧૩.૧૨.૨૦૨૨ ના રોજ સવારના ૦૫.૦૦ થી ૦૫.૩૦ ના સમયગાળા દરમ્યાન ખારવાવાડા પાંઢા શેરીમાં તેમના રહેણાંક મકાન પાસે બનેલ. બનાવ સમયે તેઓ તેમના ધરે સુતા હતા અને બાજુમાં રહેતા મંજુબેન સાથે પાણી બાબતે તેઓની દીકરીઓ કાજલબેન, ઉષાબેન અને પુજાબેનને મથાકુટ થયેલી જેથી આરોપી જેંતીભાઈએ લાકડા વડે મારી દીકરીઓ કાજલ, ઉષા તેમજ પુજાને માર મારેલ જેમાં કાજલબેનને હાથમાં આંગણીમાં ફ્રેક્ચર થઈ ગયેલ, ઉષાબેનને પીઠના ભાગે,પુજાબેનને હાથમાં કાંડાના ભાગે મારેલ જેથી તેઓ તેમના ધરેથી નીચે આવતા તેમની દીકરીઓને ઈજા થયેલ હોય જેથી સારવાર માટે સરકારી દવાખાને રીક્ષામાં લઈ ગયેલ. આરોપી જેંતીભાઈ તેમના ધરની સામે રહેતો હોય જે બનાવ સમયે ભુંડી ગાળો બોલતો હતો અને તેમની દીકરીઓ તથા તેમને મારી નાંખવાની ધમકી આપેલી. બનાવ તેઓએ નજરે જોયેલ અને તેઓની દીકરીઓને જે લાકડા વડે માર મારેલ જે જેંતીભાઈના હાથમાં હતું જે લાકડુ લઈને જેંતીભાઈ જતો રહેલ. બનાવની પોલીસ ફરીયાદ તેમની દીકરી કાજલે આપેલી. વધુમા આ સાહેદ આરોપીઓ તથા મુદામાલ હથિયારને ઓળખી બતાવે છે.

**(૧૬.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે,બનાવ વખતે નગરપાલીકાનુ પાણી આવેલ તે સમયે તેઓ સુતા હતા. આગળ તેઓનુ તથા મંજુબેનનુ મકાન જે ગલીમા આવેલ છે તે ગલી સાંકળી છે, તેવી હકીકત કબુલ કરે છે. વધુમા એવી હકીકત કબુલ કરે છે કે, તેમની દિકરીઓને ઈજા થતા તે જ દિવસે સારવાર લેવા ગયેલા.

(૧૭) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૭) ડો. જીગ્નેશભાઈ ભરતભાઈ રામાવતને આંક–૨૭ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, ગઈ તા.૧૮.૧૨.૨૦૨૨ ના રોજ તેઓ સોહમ ઈમેજીંગ સેન્ટર વેરાવળ ખાતે પોતાની ફરજ ઉપર હાજર હતા ત્યારે તેમના સેન્ટર ઉપર કાજલબેન પ્રેમજીભાઈ મોતીવારસ મેડીકલ ઓફીસરશ્રી ભંભાણી, સરકારી હોસ્પીટલ, વેરાવળવાળાએ જમણા હાથમા એકસ–રે કરતા જમણા હાથમા ઈજાઓ હતી, જે ઈજામા હાથ ઉપર સોજો અને અને જુનુ ત્રીજી આંગળીમા ફ્રેકચર હતુ, જે બાબતનો સર્ટીફીકેટ આપેલ, તે આંક–૨૮ થી રજૂ છે.

**(૧૭.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, દર્દી તેઓની પાસે પોલીસ યાદી વિના આવેલા. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, દર્દીએ તેઓને કોઈ હીસ્ટ્રી આપેલ નહી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, કોઈપણ વ્યકિત પાણી ભરતુ હોય અને લપસી જાય અને હાથ ઉપર વજન આવે તો આ પ્રકારની ઈજા સંભવી શકે.

(૧૮) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૮) નિલમબેન મીઠાભાઈ ચાંડપાને આંક–૩૭ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ મામલતદાર ઓફીસ, વેરાવળ ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવે છે. તેઓ અધિક જીલ્લા મેજી. ગીર સોમનાથનુ ક્રમાંક એમએજી/સી/૩૮૮૩/૨૦૨૨ ના જાહેરનામાની નકલ કે જે તા.૧૫.૧૨.૨૦૨૨ થી ૩૦ દિવસ માટેનુ છે, તે આંક–૩૮ થી રજૂ કરે છે તથા જીલ્લા મેજી. એ મામલતદારશ્રીને લખેલ પત્ર આંક–૩૯ થી રજૂ

કરેલ છે તેમજ મામલતદાર ઓફીસ તરફથી મળેલ અધિકાર પત્રક આંક–૪૦ થી રજૂ કરે છે.

(૧૮.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, તેઓને સદર જાહેરનામાની બજવણી ચોડી બજાવીને બજવણી તેઓની હાજરીમા કરેલ નથી. આગળ એવી હકીકત કબુલ કરે છે કે, જાહેરનામાની પ્રસીધ્ધી કરવા માટે તેઓ ગયેલ નથી. વધુમા જાહેરનામાની બજવણી બાબતે તેઓને અંગત કોઇ જાતમાહીતી નથી.

(૧૯) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૯) ડો. નિરવભાઇ પ્રજલાલ વૈશ્નાણીને આંક–૪૭ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તા.૧૮.૧૨.૨૦૨૨ ના રોજ તેઓ સરકારી હોસ્પીટલ, વેરાવળ ખાતે ફરજ ઉપર હાજર હતા ત્યારે સવારના ૧૦/૦૦ કલાકે કાજલબેન પ્રેમજીભાઇ મોતીવારસ તેઓની પાસે સારવાર માટે આવેલ. તેઓને પુછતા તેમણે જણાવેલ કે, તા.૧૩.૧૨.૨૦૨૨ ના રોજ અજાણ્યા શખ્સે તેમની ઉર લાકડી વડે હુમલો કરેલ છે. તેઓને તપાસતા ઇજા નં. (૧) ડાબા હાથની પહેલી આંગળીમા દુખાવો અને સોજો જોવા મળેલ. આ આંગણળીમા એકસ–રે પાડવતા તેમાં વાળ જેવી તીરાડ જોવા મળેલ. આ દર્દીને વધારે સારવાર માટે તેમજ હાડકાના ડોકટર માટે આગળ રીફર કરેલ. જે સટીફીકેટ તથા ઓ. પી. ડી. કેસ પેપર્સ આંક–૪૮ થી ૪૯ સુધી રજૂ કરેલ છે.

(૧૯.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમા એવી હકીકત કબુલ કરેલ છે કે, દર્દી તેઓની પાસે આવેલ ત્યારે જુની ઇજા હતી. આગળ એવુ પણ સ્વીકારે છે કે, દર્દીએ તેઓની પાસે હીસ્ટ્રીમા કોઇના નામ જણાવેન હી. વધુમા દર્દીએ અજાણ્યા શખ્સે માર મારેલ હોવાનુ જણાવેલ પરંતુ બનાવ કયા બનેલ તે જણાવેલ નહી, તેવી હકીકત કબુલ કરેલ છે. વધુમા એવુ પણ કબુલ કરે છે કે, ઇજા નં. ૧ જેવી ઇજા કોઇ વ્યકિત શેવાળવાળા પાણીમા સ્લીપ થાય અને હાથ દબાઇ તો ઇજા નં. ૧ જેવી ઇજા થઇ શકે.

(૨૦) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૦) કલ્પેશભાઇ હમીરભાઇ સોસાને આંક–પર થી** તપાસવામા આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી, ગુનો દાખલ કરાવડાવી, આ ગુનાની તપાસ તેઓને મળતા, તેઓએ તપાસ સંભાળી, બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપીઓને અટક કરી, મુદામાલ હથિયાર કબજે કરી, આરોપીઓએ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ. વધુમા આ સાહેદના પુરાવામાં આંક–પ૩ થી તપાસનો હુકમ, આંક–પ૪ થી પપ સુધી અસલ ફરીયાદ અને ડી. ઓ. લેટર, આંક–પ૬ થી આરોપીઓને અટક કર્યાનુ પંચનામુ રજૂ કરેલ છે.

(૨૦.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, કહેવાતો બનાવ તા.૧૩.૧૨.૨૦૨૨ ના રોજ બનેલ અને ફરીયાદ તા.૧૮.૧૨.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. વધુમા એવી હકીકત પણ સ્વીકારેલ છે કે, પ્રેમજીભાઇ, લલીતાબેન, પુજાબેન, ઉષાબેન, દિપકભાઇ તે ફરીયાદીના સગાઓ છે. આગળ એવુ પણ કબુલ કરે છે કે, આ સિવાય તેઓએ તપાસમા બીજા કોઇના નિવેદન લીધા નથી. વધુમા એવુ પણ કબુલ કરે છે કે, બનાવના દિવસે એટલે કે તા.૧૩.૧૨.૨૦૨૨ ના રોજ ફરીયાદીએ સારવાર લીધી હોય તેવો પુરાવો રજૂ નથી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તા.૧૮.૧૨.૨૦૨૨ વાળા એમ. એલ. સી. મા આરોપીઓના નામ નથી.

(૨૧) આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો બનાવ તા.૧૩.૧૨.૨૦૨૨ ના રોજ સવારના ૬/૦૦ વાગ્યાનો બનેલાનુ રેકર્ડ ઉપર આવે છે અને તેની ફરીયાદ તા.૧૮.૧૨.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે. આમ, દેખીતી રીતે જ ફરીયાદ પાંચ દિવસ મોડી આપવામાં આવેલ છે અને આટલી મોડી ફરીયાદ આપવા પાછળનુ કોઇ જ કારણ ફરીયાદીએ પોતાની ફરીયાદમાં કે પોતાના પુરાવામાં જણાવેલ નથી, ત્યારે પ્રથમદ્રષ્ટિએ જ ફરીયાદીની

ફરીયાદ શંકાસ્પદ બની જાય છે. વધુમા ફરીયાદીની ફરીયાદ અને પોતાના પુરાવામા આરોપી જેન્તીભાઇએ તેમને ડાબા હાથની પહેલી અને બીજી આંગળી વચ્ચે લાકડાનો ધોકો મારેલાનુ જણાવવામાં આવેલ છે. જયારે આ ફરીયાદીને તપાસનાર મેડીકલ ઓફીસર શ્રી જીગ્નેશભાઇ ભરતભાઇ રામાવતના પુરાવા મુજબ ફરીયાદીને જમણા હાથમાં ઈજાઓ હતી અને તેમાં ત્રીજી આંગળીમાં જુનુ ફ્રેકચર હોવાનુ પુરાવામાં જણાવવામાં આવેલ છે. વધુમા ડો. નિરવભાઇ વ્રજલાલ વૈશ્નાણીના પુરાવા મુજબ ફરીયાદીને ડાબા હાથની પહેલી આંગળીમાં દુખાવો અને સોજો હોવાનુ અને એકસ–રે પડાવતા તેમા વાળ જેવી તિરાડ જોવા મળેલ હોવાનો પુરાવો આપેલ છે. આમ, ફરીયાદીને ચોકકસ શરીરના કયા ભાગે ઈજા થયેલી તે બાબતે તેમના તથા મેડીકલ ઓફીસરના પુરાવામા મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે. વધુમા બનાવ તા.૧૩.૧૨.૨૦૨૨ ના રોજ બનેલ હોવા છતાં ફરીયાદીએ તા.૧૮.૧૨.૨૦૨૨ સુધી કોઇ સારવાર લીધેલ હોય તેવુ પણ રેકર્ડ ઉર આવતુ નથી, ત્યારે ફરીયાદીને થયેલી ઈજા હાલના જ બનાવમાં થયેલ છે કે કેમ, તે બાબતે પણ શંકા ઉભી કરે છે. વધુમા ફરીયાદીએ બન્ને મેડીકલ ઓફીસર સમક્ષ સારવાર દરમ્યાન હીસ્ટ્રીમાં આરોપીઓના નામ જણાવેલ નથી અને ડો. નિરવભાઇ વ્રજલાલ વૈશ્નાણી સમક્ષ તેઓએ અજાણ્યા શખ્સે તેમની ઉપર લાકડી વડે હુમલો કરેલ હોવાની હીસ્ટ્રી આપેલ છે. હવે જયારે ફરીયાદી અને આરોપીઓ એક જ વિસ્તારમાં રહેતા હોવા છતાં અને એકબીજા ઓળખતા હોવા છતાં ફરીયાદી આરોપીઓના નામ ન જાણતા હોય તેવી તો કોઇ જ હકીકત માની શકાય તેમ નથી, તો કયા કારણે મેડીકલ ઓફીસર સમક્ષની હીસ્ટ્રીમાં ફરીયાદીએ આરોપીઓના નામ જણાવેલ નથી, તે બાબત પણ શંકાસ્પદ બની જાય છે. વધુમા ફરીયાદીની ફરીયાદ તથા પુરાવા મુજબ આ બનાવમાં ફરીયાદી ઉપરાંત તેની માતા, તેની બહેન ઉષા અને પુજાને પણ આ બનાવની આરોપીએ ઈજા કરેલ હોવાનુ જણાવવામાં આવેલ છે, પરંતુ તેઓએ તેમને થયેલી ઈજા બાબતે કોઇ સારવાર લીધેલ હોય તેવા કોઇ જ મેડીકલ પેપર્સ આ કામે ફરીયાદપક્ષ

દ્વારા રજૂ કરવામાં આવેલ નથી, ત્યારે આ કામના આરોપીઓએ ફરીયાદી ઉપરાંત તેની માતા અને બહેનોને ઈજાઓ કરેલ છે, તેવી હકીકત પણ શંકારહીત પુરવાર થતી નથી. વધુમા આ કામના આરોપીઓએ ફરીયાદીને ભુંડી ગાળો બોલતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને માર મારેલ હોવાનુ જણાવવામા આવેલ છે, પરંતુ આ કામના આરોપી ચોકકસ કેવા પ્રકારના અપશબ્દો બોલતા હતા, તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને જયારે ફરીયાદીના પુરાવામાં તેમને થયેલી ઈજા બાબતે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવતી હોય, ત્યારે આ કામના આરોપીએ ફરીયાદીને અપમાન કરવાના ઈરાદાથી કોઇ શબ્દો બોલેલ હોય તેવી હકીકત પણ પુરવાર થયેલી માની શકાય નહીં. વધુમા ફરીયાદપક્ષ દ્વારા આ બનાવના નજરે જોનાર સાહેદો જેવા કે લલીતાબેન પ્રેમજીભાઈ મોતીવારસ, પુજાબેન પ્રેમજીભાઈ મોતીવારસ, ઉષાબેન પ્રેમજીભાઈ મોતીવારસ, દીપકભાઈ પ્રેમજીભાઈ મોતીવારસ અને પ્રેમજીભાઈ લખમભાઈ મોતીવારસને તપાસવામાં આવેલા છે અને તેઓએ પોતાના પુરાવામાં આ કામના આરોપીએ ઈજા કરેલાનો પુરાવો આપેલ છે, પરંતુ ફરીયાદીને ચોકકસ શરીરના કયા ભાગે આરોપીએ ઈજા કરેલ છે, તે બાબતે તમામ સાહેદોના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે, ત્યારે આવા વિરોધાભાસી પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં. વધુમા હાલનો બનાવ જયાં બનવા પામેલ છે, તેની આજુબાજુ રહેણાંકી વિસ્તાર હોવા છતાં ત. ક. અધિકારી દ્વારા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ હોય કે ફરીયાદપક્ષ દ્વારા આવા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા હોય, તેવી પણ કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી, ત્યારે માત્ર હીત ધરાવતા સાહેદો કે જેઓનો પુરાવો પણ વિરોધાભાસી પુરાવો છે, તેમના પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં.

**(૨૨)** આમ, જયારે ફરીયાદીના પુરાવામાં અને બન્ને મેડીકલ ઓફીસરના પુરાવામાં જ ઈજાઓ બાબતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવતો

હોય, ત્યારે આવા વિરોધાભાસ ઉપર આધાર રાખીને આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહી, તેમ છતાં વિ. ટ્રાયલ કોર્ટે આવા વિરોધાભાસી પુરાવાઓ ઉપર આધાર રાખીને આરોપીઓને તકસીરવાન ઠરાવેલ છે, તે હુકમ યોગ્ય અને વાજબી નથી અને તેથી તે હુકમમાં અત્રેની અદાલતને હસ્તક્ષેપ કરવાપણુ રહે છે, જેથી મુદા નં. (૧) થી (૨) નો નિર્ણય **હકારમાં** આપી, મુદા નં. (૩) પરત્વે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**(૧)** એપેલેન્ટસ/આરોપીઓની બી. એન. એસ. એસ. ની કલમ–૪૧૫ (૩)(એ) મુજબની ફોજદારી અપીલ આથી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** વેરાવળના વિ. ચીફ જયુડી. મેજી. શ્રીએ ફોજદારી કેસ નં. ૧૫૨/૨૦૨૩ ના કામે આરોપીઓને ઇ. પી. કોડની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી સજા અને દંડ ભરવાનો તા.૨૧.૦૪.૨૦૨૬ ના રોજ કરેલ હુકમ આથી **રદ** કરવામાં આવે છે અને આ કામના એપેલેન્ટસ/આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામના એપેલેન્ટસ/આરોપીઓએ વિ. ટ્રાયલ કોર્ટમાં જમા કરાવેલ દંડની રકમ અપીલ પીરીયડ બાદ પરત ચુકવી આપવી.

**(૪)** આ કામના એપેલેન્ટસ/આરોપીઓએ અપીલ પીરીયડના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) હુકમની એક નકલ રેકર્ડ સાથે ટ્રાયલ કોર્ટને પરત મોકલી આપવી.

આજરોજ આ હુકમ તા.૧૮[મી], માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨